# મેડિકલ ફિલ્ડ માં કારકિર્દી બનાવવા ઇચ્છતા વિદ્યાર્થીઓ માટે નિઃશુલ્ક માર્ગદર્શન સેમિનાર યોજાયો

19 ઓગસ્ટ 2018

આશીર્વાદ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા મહેસાણાના પંડિત દીનદયાલ ઉપાધ્યાય ટાઉન હોલ ખાતે ધોરણ 11 અને 12 સાયન્સ બાયોલોજી ગ્રુપ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે તથા ધોરણ 10 ના મેડિકલ ફિલ્ડ માં કારકિર્દી બનાવવા ઇચ્છતા વિદ્યાર્થીઓ માટે નિઃશુલ્ક માર્ગદર્શન સેમિનાર નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનાર માં 750 થી વધુ વિદ્યાર્થીઓ એ ભાગ લીધો હતો. સેમિનાર ની શરૂઆત મુખ્ય મહેમાન શ્રી રમણભાઈ પટેલ (MLA, વિજાપુર) તથા વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન ના કોઓર્ડીનેટર શ્રી R P પટેલ દ્વારા દીપ પ્રાગટ્ય કરી ને કરવામાં આવ્યું હતું.

સેમિનારમાં અમદાવાદ અને મહેસાણા ના નામાંકિત ડોક્ટરોએ વિદ્યાર્થીઓને મેડિકલ ફિલ્ડ ના વિવિધ વિભાગો અંગેની માહિતી પુરી પડી હતી તથા ભવિષ્ય માં મેડિકલ ફિલ્ડમાં રહેલી કારકિર્દી ની તકો અંગેની માહિતી પુરી પાડી હતી. આ ઉપરાંત ધોરણ 12 પછી મેડિકલ ના વિવિધ વિભાગોમાં એડમિશન કઈ રીતે લેવું તે અંગેની વિગતવાર માહિતી પુરી પડાઈ હતી.